**"સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" અંતર્ગતના કામો કરવા બાબત.**

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ , પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક :- એમઆઈસેલ / જળસંગ્રહ /૫૮૯ / ૨૦૧૮/
તા.૧૭/૦૪/૨૦૧૮

**આમુખ :-**

જળસંચયની કામગીરી અંતર્ગત રાજ્યના સબંધિત વિભાગો દ્વારા વિવિધ કામો હાથ ધરવામા આવે છે. જે પૈકી તળાવો ઉંડા ઉતારવા અંગે ખૂબ મોટાપાયે કામગીરી હાથ ધરવામાં આવે છે, તે મુજબ જળસંચયનો વ્યાપ વધે તે પ્રકારના કામો, ચોમાસા પહેલાં મે-માસમાં, લોકભાગીદારીથી હાથ ધરવા માટે તા.૧૧/૦૪/૨૦૧૮ ના રોજ કેબીનેટ બેઠકમાં "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" શરૂ કરવા માટે મહત્વનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જળસંગ્રહનાં કામો જેવા કે તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનુ ડીસીલ્ટીંગ, હયાત જળાશયોનુ ડીસીલ્ટીંગ, શહેરોમાંથી પસાર થતી નદીઓમાં થતુ પ્રદુષણ અટકાવવાની કામગીરી તેમજ નદીઓના કાંઠાઓ ઉપર વૃક્ષારોપણ કરવુ, નદીના પ્રવાહને અવરોધરુપ ગાંડાબાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા, ટેરેસ/વન તલાવડી,નદીને પુન:જીવિત કરવી, શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની પાઇપ લાઇનોમાં વાલ્વમાંથી થતા પાણીનો બગાડ રોકવો, ડીસેલીનેશનની કામગીરી, પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃતિ વગેરે કામગીરી કરવાનુ આયોજન થયેલ છે. "સુજલામ સુફલામ જળ અભિયાન" અન્વયે કરવાના થતા કામોની કામગીરી માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવા ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ :-

(૧) સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના તમામ જિલ્લા, કચ્છ જિલ્લા ઉપરાંત મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાત વિસ્તારના પાણીની અછતવાળા જિલ્લાઓમાં જળ સંગ્રહના કામો હાથ ધરવાના રહેશે.

(૨) તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનુ ડીસીલ્ટીંગ, હયાત જળાશયોનુ ડીસીલ્ટીંગને લગતી કામગીરી એન.જી.ઓ., ઉદ્યોગ ગૃહો, એ.પી.એમ.સી, ધાર્મિક સંસ્થાઓ,શૈક્ષણિક સંસ્થાઓ, રાજ્ય સરકારના જાહેર સાહસોના સહયોગથી હાથ ધરવાની રહેશે.

(૩) નહેરોની મરામત, ટેરેસ/વન તલાવડી, ચેક ડેમોની મરામત, શહેરોમાંથી પસાર થતી નદીઓમાં થતુ પ્રદુષણ અટકાવવાની કામગીરી, તળાવો તેમજ નદીઓમાં ઉગેલા ગાંડા બાવળ, ઝાડી ઝાંખરાં વગેરેની સફાઈ કરાવવાની કામગીરી તેમજ નદીઓને પુન:જીવિત કરવી, શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની પાઇપ લાઇનોમાં વાલ્વમાંથી થતા પાણીનો બગાડ રોકવો, ડીસેલીનેશનની કામગીરી, પીવાના પાણીનો

બગાડ રોકવા માટે જન જાગૃતિની કામગીરી જેવી કામગીરી રાજ્ય સરકારના સબંધિત વિભાગોએ પ્રવર્તમાન નિયમોનુસાર અભિયાનના સમયગાળા દરમ્યાન હાથ ધરવાની રહેશે.

(૪) એન.જી.ઓ.ની યાદી તથા તેની પસંદગી બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવાની રહેશે અને આ યાદી માન.મંત્રીશ્રી, કૃષિ વિભાગ, મા.રા.ક. મંત્રીશ્રી, ગૃહ વિભાગ અને મા.રા.ક.મંત્રીશ્રી, જળ સંપત્તિની સમિતિ દ્વારા આખરી કરવાની રહેશે. .

(૫) સરકારશ્રી દ્વારા આખરી કરાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ/ધાર્મિક સંસ્થાઓ/ ઉદ્યોગ ગૃહોને/ રાજ્ય સરકારશ્રીના જાહેર સાહસોને કલેકટરશ્રી દ્વારા કામગીરી સોપવાની રહેશે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓ કામ કરવા તૈયાર હોય તો તે સંસ્થાઓને કામગીરી કલેકટરશ્રી સોંપી શકશે.

(૬) જળસંપત્તિ વિભાગે તમામ જિલ્લાઓમાંથી મળેલ કામોનો માસ્ટર પ્લાન બનાવીને સબંધિત જિલ્લાના કામોને મંજુરી આપવાની રહેશે.

(૭) આ ઉપરાંત કલેકટરશ્રી પોતાની કક્ષાએ જરૂરિયાત મુજબ કામોની મંજુરી આપી શકશે.

(૮) આ સબંધિત જિલ્લામાં નક્કી કરાયેલ કામોની કામગીરી સબંધિત જિલ્લાના કલેકટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીના સંકલનમાં હાથ ધરવાની રહેશે. કલેકટરશ્રીએ સબંધિત વિભાગના જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓની અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જળસંપત્તિ વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી સમિતિના સભ્ય સચિવશ્રી રહેશે અને થયેલ કામગીરીની સમયાંતરે સમીક્ષા કરવાની રહેશે. તાલુકા કક્ષાએ નાયબ કલેકટરશ્રીએ સબંધિત વિભાગના અધિકારીના સંકલનમાં અમલીકરણ કરાવવાનુ રહેશે.

(૯) જે સંસ્થાઓ સંપૂર્ણ રીતે તેમના ખર્ચે કામગીરી કરવા માગતા હોય તેમની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે સરકારશ્રી દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે.

(૧૦) જે સંસ્થાઓ મશીનરી તથા અન્ય વ્યવસ્થા કરે અને ડીઝલ માટેની જરૂરીયાત હોય તો તેવી તેવી સંસ્થાઓને ઉપયોગમાં લીધેલ મશીનરીના ડીઝલ અંગેના નાણાંની રકમ સબંધિત વિભાગ દ્વારા કલેકટરશ્રીની જાણ હેઠળ સબંધિત વિભાગના અમલીકરણ અધિકારી હસ્તક મુકવાની રહેશે. ડીઝલના નાણાં માટે જે તે સંસ્થાએ થયેલ કામગીરી અને વપરાયેલ વાહનોના કલાકો અને તેની સામે વપરાયેલા ડીઝલની વિગતો સંસ્થાએ પોતે સર્ટીફાઇડ કરીને જિલ્લાની સમિતિને રજુ કરવાનુ રહેશે. જિલ્લા સમિતિએ સંસ્થા દ્વારા રજુ થયેલ વિગતોને આધારે ચૂકવવાના થતાં નાણાંને મંજુરી આપવાની રહેશે. જિલ્લા સમિતીની મંજુરી મળ્યા બાદ સદર નાણાંની રકમ સબંધિત સંસ્થાઓને જે તે વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓએ ચુકવવાની રહેશે.

(૧૧) ખોદાણ કામમાંથી મળતી માટી આસપાસમાં પ્રગતિ હેઠળના સરકારી કામોમાં કે ખેડૂતોના ખેતરમાં કે જાહેર સ્થળોએ વપરાશ કરવાનો રહેશે અને તે માટે કોઇ રોયલ્ટી ચુકવવાની રહેશે નહી.

(૧૨) જળસંપતિ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ અને પાણી પુરવઠા વિભાગ વગેરે વિભાગો દ્વારા હાથ ધરાતી અન્ય જળસંચયને લગતી કામગીરીનો સમાવેશ આ અભિયાનમાં કરવાનો રહેશે.

(૧૩) સંસ્થા જે કામગીરી કરે તેના ફોટોગ્રાફ્સ અને થયેલ કામગીરીનો રેકર્ડ નિભાવવાનો રહેશે.

(૧૪) માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જિલ્લામાં ચાલતી કામગીરીના ફોટોગ્રાફ્સ તથા ફીલ્મ બનાવવાની કામગીરી કરવાની રહેશે. ટેલીવિઝન ઉપર પણ આ ફીલ્મ પ્રસારણ કરાવવાની કામગીરી કરવાની રહેશે તેમજ અભિયાન અંગે પોસ્ટર અને બેનર્સ તૈયાર કરાવી સબંધિત જિલ્લાના અગત્યના સ્થળોએ લોકોમાં જળસંચય અંગે જાગૃતિ ફેલાય તે માટે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) રાજ્યકક્ષાએ જળબચાવ અભિયાનના અમલીકરણ તથા કામગીરીની સમીક્ષા માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને નીચે જણાવેલ સભ્યોની સમિતિ કાર્યરત રહેશે.

| | | |
|---|---|---|
| મુખ્ય સચિવશ્રી | | અધ્યક્ષશ્રી |
| અધિક મુખ્ય સચિવશ્રી | વન અને પર્યાવરણ વિભાગ | સભ્યશ્રી |
| અગ્ર સચિવશ્રી | શહેરી વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| અગ્ર સચિવશ્રી | પાણી પુરવઠા વિભાગ | સભ્યશ્રી |
| કમિશનર અને સચિવશ્રી | ગ્રામ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| સચિવશ્રી | જળસંપત્તિ વિભાગ | સભ્ય સચિવશ્રી |

સમિતિ દ્વારા અભિયાનના સમયગાળા દરમ્યાન હાથ ધરાયેલ કામગીરીનુ મોનીટરીંગ કરવાનુ રહેશે. ચાલુ કામગીરી દરમ્યાન કાર્યપધ્ધતિમા સુધારો કરવાની જરૂરીયાત જણાય તો જરૂરી ફેરફાર સમિતિએ કરવાના રહેશે.

(૧૬) સમગ્ર કામગીરીનુ સંકલન જળસંપત્તિ વિભાગે કરવાનુ રહેશે.

આ કામગીરી માટે નિયત પત્રકમાં અઠવાડિક પ્રગતિ અહેવાલ જળસંપત્તિ વિભાગે રજુ કરવાનો રહેશે.
ગુજરાતનાં રાજ્યપાલ શ્રી ના હુકમથી અને તેમના નામે.

ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

નકલ સાદર રવાના પ્રતિ,
(૧) માનનીય મુખ્ય મંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૨) માનનીય મંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર (તમામ)

(૩) માનનીય રાજ્યકક્ષાનામંત્રીશ્રી ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (તમામ)
(૪) તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર
(૫) સચિવશ્રીઓ ના અંગત મદદનીશશ્રી, સચિવાલય,ગાંધીનગર (તમામ)
(૬) કલેક્ટરશ્રીઓના અંગત મદદનીશશ્રી (તમામ)
(૭) સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
(૯) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૦) નાણાકીય સલાહકાર (જ.સં), સચિવાલય, ગાંધીનગર
(૧૧) મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી. સેક્ટર ૧૦, ગાંધીનગર
(૧૨) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, વાલ્મી, આણંદ
(૧૩) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર
(૧૪) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
(૧૫) સર્વે પ્રોજેક્ટ શાખા (ક-૧, ક-૨, ક-૩, જ, એમઆઇસેલ, ક-૭), સચિવાલય, ગાંધીનગર
(૧૬) સીલેક્ટ ફાઇલ